અગત્યનું

મેઇલ માધ્યમે

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./2023/754

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.

તા:-02/06/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-10 એસ.એસ.સી. જુલાઇ પૂરક – 2023 પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્ર ભરવા બાબત

માનનીયશ્રી,

માર્ચ-2023 ધોરણ-10 એસ.એસ.સી પરિણામ ઓનલાઇન તા:-25/05/2023ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. ધો.10 માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2023માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે બે વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ વર્ષ-2023ની જુલાઇ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા – 2023 માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા sscpurakreg.gseb.org પરથી ઓનલાઇન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે બે વિષયમાં અનુત્તિર્ણ (નાપાસ) હોય તેવા વિદ્યાર્થીઓની યાદી ફક્ત શાળાની જાણ માટે છે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

જુલાઇ પૂરક પરીક્ષા – 2023 માટેનું આવેદન તા:-01/06/2023 બપોરે 14:00 કલાકથી તા:-08/06/2023 સાંજે 17:00 કલાક સુધી ઓનલાઇન કરી શકશે.

જુલાઇ પૂરક પરીક્ષા – 2023 માટેનું આવેદનપત્ર ઓનલાઇન કરવાની સૂચનાઓ અને પરીક્ષા માટેની નિયત ફી ઓનલાઇન માધ્યમે ભરવાની સૂચનાઓ સાથે તા:-01/06/2023ની આજબાજી યાદીથી જાણ કરવામાં આવેલ છે. આપના તાબાની માધ્યમિક શાળાઓને આ બાબતની જાણ થાય અને જો જુલાઇ પૂરક પરીક્ષા – 2023 માટેનું આવેદનપત્રની અરજી

ઓનલાઇન કરવા ઇચ્છતા હોય તેવા ધો.10 એસ.એસ.સી. માર્ચ-2023ના પરીક્ષાના પરીક્ષાર્થીઓના આવેદનપત્ર ઓનલાઇન સમયસર થઇ જાય તેવી જાણ આપના માધ્યમે થઇ જવા વિનંતી.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- ધોરણ-10 એસ.એસ.સી. જુલાઇ પૂરક – 2023 પરીક્ષાના ઓનલાઇન આવેદનપત્ર ભરવા બાબતની તા:-01/06/2023ની અખબારી યાદી

સવિનય નકલ રવાના જાણ સારૂ:

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

જા.નં – ૭૭૩૫
તારીખ - ૩/૦૬/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી
જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ તરફ
જાણ તથા અમલ અર્થે.

District Education Officer
Surat. Dist. Surat.